# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**<u>અખબારી યાદી</u>** **તા.૪–૧૨–૨૦૦૯**

- **ભૂતકાળમાં પણ તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવી નહોતી તેવી માન.અધ્યક્ષશ્રીની વાત રેકોર્ડથી જુઠ્ઠી સાબિત થાય છે.**
- **છ મહિના પછી મળતાં નિયમિત સત્રમાં હંમેશા તારાંકિત પ્રશ્નોરી રાખવામાં આવી હતી.**
- **માન.અધ્યક્ષશ્રીએ આપેલા દાખલાઓ નિયમિત મળતી છ મહિના બાદની વિધાનસભાના નથી.**
- **ખાસ વિધાનસભાના અને નવી ગઠિત થયેલી વિધાનસભાના દાખલાઓ ખોટી રીતે રજુ કરી મીડીયા મારફત ગુમરાહ કરવાનો પ્રયત્ન છે.**

ભૂતકાળમાં પણ વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોરી રાખવામાં આવી નથી તેવી વિધાનસભાના અધ્યક્ષશ્રીની જાહેરાત ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં સદંતર ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષ દવારા સ્પષ્ટ રીતે માંગણી કરાઈ હતી કે આગામી વિધાનસભાનું સત્ર એ છ મહિના પછી મળતું નિયમિત સત્ર છે અને તેથી તેમાં વિધાનસભાના નિયમો મુજબ તારાંકિત પ્રશ્નોતરી હોવીજ જોઈએ. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષની આ વ્યાજબી માંગણીને સ્વીકારવાને બદલે માન.અધ્યક્ષશ્રી તરફથી આઠ પ્રસંગોની તારીખો ટાંકીને પ્રેસને એમ કહેવામાં આવ્યું કે ભૂતકાળમાં પણ તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવી નહોતી. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષે અત્યંત આઘાત અને દુઃખની લાગણી સાથે જણાવ્યું છે કે વિધાનસભાનું રેકર્ડ તપાસતાં માન.અધ્યક્ષશ્રીએ કરેલી વાત તદ્રન ખોટી સાબિત થાય છે. ભૂતળકાના જે દાખલાઓ આપવામાં આવ્યા છે તેમાનો એકપણ પ્રસંગ છ મહિના પછી મળતી નિયતિ વિધાનસભાનો પ્રસંગ ન હતો. માન.અધ્યક્ષશ્રી પાસે કોંગ્રેસપક્ષે સ્પષ્ટ રીતે કહયું હતું કે છ મહિના પછી મળતાં નિયતિ તારાંકિત પ્રશ્નોતરી નહીં રાખવામાં આવી હોય તેવો કોઈ ભૂતકાળનો પ્રસંગ નથી. તેની સામે માન.અધ્યક્ષશ્રીએ જે તારીખો આપી છે તે તમામ જોઈએ તો તે વિધાનસભાના સત્રો એ છ મહિના પછી મળતાં રેગ્યુલર વિધાનસભાના સત્રો ન હતાં. સન–૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૫ તથા ૧૯૯૮ની વિધાનસભાઓ ચૂંટણી પછી તુર્તજ મળેલાં સત્રો હતાં અને તેમાં પરંપરા મુજબ તથા નિયમોની જોગવાઈઓ મુજબ તારાંકિત પ્રશ્નોની નોટિસનો પુરતો સમય સ્વાભાવિક રીતે ન મળે તેથી તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવી નહોતી. તા.૧૮.૧.૧૯૯૦ ના રોજ માન.શ્રી અમરસિંહજી ચૌધરીના સ્થાને કોંગ્રેસ હાઈકમાન્ડે માન.શ્રી માધવસિંહજી સોલંકીની નિયુકિત કરતા નવા મુખ્યમંત્રીશ્રીએ પદ ગ્રહણ કરતાં બોલાવવુ પડતું તાત્કાલિકનું સત્ર હતું. તા.૧૩.૭.૧૯૯૨નો જે દાખલો આપ્યો છે તેમા ભાજપ અને જનતાદળ વચ્ચે સમજૂતિ તૂટતાં કોંગ્રેસના ટેકા સાથે શ્રી ચીમનભાઈ પટેલે બોલાવેલું વિધાનસભાના મત માટેનું ટૂંકુ ખાસ સત્ર હતું. આમ વિધાસનભાના અધ્યક્ષશ્રીએ ભૂતકાળના આપેલા દાખલા છ મહિના પછી મળેલા નિયમિત સત્રના નથી પરંતુ વિધાનસભાની નવી ચૂંટણી પછી ગઠન માટે યજાયેલ વિધાનસભા, વિધાનસભાના મત માટેની વિધાનસભા તથા ખાસ વિધાનસભા સત્રોમાં તારાંકિત પ્રશ્નોતરી નહોતી તેના દાખલોઓ છે. આ દાખલા દઈને હકીકતથી વિરુધ્ધની જે વાત મીડીયા સમક્ષ કરી છે, તેનાથી ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓને અત્યંત આઘાત લાગ્યો છે.

ભૂતકાળમાં નિયમિત વિધાનસભાના સત્રમાં હંમેશા તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવીજ હતી અને આ પરંપરા તથા નિયમોથી મળતાં અધિકારોનો ભંગ માત્ર વર્તમાન મુખ્યમંત્રીશ્રી દવારા થયો છે. ત્યારે હજુ સરકાર તથા માન.અધ્યક્ષશ્રી આ બાબત અંગે પુનઃવિચારણા કે અને ગુજરાતની વિધાનસભા કે જેનુ ગૌરવ સમગ્ર દેશમાં અગ્રેસર છે. દેશની સંસદના પ્રથમ સ્પીકર ગુજરાતના શ્રી માવલંકરદાદા બન્યા ત્યારથી ગુજરાતની વિધાનસભા હંમેશા અન્ય રાજયો માટે ઉમદા અને પ્રેરણાદાયક રહી છે. તે ગુજરાતના ગૌરવને ખંડિત થતું અટકાવવામાં આવે.તેવી માંગણી કરતો પત્ર ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે માન.અધ્યક્ષશ્રીને લખેલ છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીઆ)**
અંગત મદદનીશ